ડિજિટલ ગુજરાત પોર્ટલ

પરીપત્ર

નં.નાનિઅજાક/૨૨-૨૩/ ૨૫૪૬ થી ૨૫૪૯

નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

સી-૬, બહુમાળી મકાન, નાનપુરા, સુરત

ફોન: ૦૨૬૧-૨૪૬૪૪૩૦

તા: ૦૩/૦૮/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

...તમામ ખાનગી પ્રાથમિક, માધ્યમિક શાળાઓ.

..........................................

..........................................

વિષય:- **Digital Gujarat Portal** પર ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓના અમલ બાબત (વર્ષ ૨૦૨૨-૨૩)
**(Website: https://www.digitalgujarat.gov.in)**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.)થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal** ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવે છે.

**Digital Gujarat Portal** પર વર્ષ:૨૦૨૨-૨૩ માટે અત્રેના ખાતાની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અમલ માટે અગાઉ અત્રેની કચેરીના તા:૨૧/૦૬/૨૦૨૨ના પત્રથી આ સાથેના પત્રક-અમાં દર્શાવેલ ક્રમનં:૧,૨,૩ તથા ૬ મુજબની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાના અમલ માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ હતી તેમજ જણાવવામાં આવેલ હતુ કે કેંદ્ર સરકારશ્રીની બે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અનુક્રમે (૧) "BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation" તથા (૨) "BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI) (Std: 9-10)" માં ટેકનીકલ સુધારા ચાલુ હોય ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે.

ઉપર મુજબની 2 કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અંતર્ગત અત્રેની કચેરી દ્વારા વર્ષ: ૨૦૨૨-૨૩થી જે વિદ્યાર્થીએ National Scholarship Portal પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી/દરખાસ્ત કરી શકશે તેમ જણાવવામાં આવેલ હતુ. કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તાજેતરની મળેલ સૂચનાઓ મુજબ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
આવક ક્રમાંક
તારીખ :-
શાખા :-
સહી :-

વિદ્યાર્થીઓ/આચાર્યશ્રીઓને ફોર્મ ભરવામાં સરળતા રહે તે માટે હવે National Scholarship Portal (NSP) (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવાનું રહેતુ નથી. એટલે કે ઉક્ત યોજનાઓમાં અગાઉ જેમ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીઓ/આચાર્યશ્રીઓ દ્વારા ઓનલાઇન અરજીઓ/દરખાસ્તો કરવામાં આવતી હતી તે જ રીતે ઓનલાઇન અરજી/દરખાસ્ત કરવાની રહે છે.

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સૂચના મુજબ ઉક્ત બન્ને પ્રિમેટ્રીક યોજના અંતર્ગત ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓના આધારનંબર આચાર્યશ્રીઓએ અવશ્ય નાખવાના રહેશે. વધુમાં વિદ્યાર્થીઓને ચુકવણું માત્ર આધાર બેઝડ જ કરવામાં આવશે એટલે કે આધારનંબર સાથે જે બેંક એકાઉન્ટ લીંક હશે તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિ જમા થશે. જેથી તમામ વિદ્યાર્થીઓએ પોતાના અધારનંબરને ફરજિયાત બેંક ખાતા સાથે તાત્કાલિક લીંક કરે તે અંગેની સમજ આપની કક્ષાએથી તમામ વિદ્યાર્થીઓને આપવાની રહેશે અને વિદ્યાર્થીઓને આધારનંબર અને બેંક ખાતુ લીંક કરવા મદદ કરવાની રહેશે. જો વિદ્યાર્થીઓ પાસે આધારનંબર ના હોય તો શાળાના આચાર્યશ્રીઓએ તાત્કાલિક આધારનંબર મેળવવાની કાર્યવાહી કરવાની રહેશે અને વધુ માહિતી માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

વધુમાં જ્યારે વિદ્યાર્થીઓની એન્ટ્રી કરવામાં આવે ત્યારે એન્ટ્રી કરતી વખતે જે બેંક એકાઉન્ટ નંબર આધારનંબર સાથે લીંક હોય તે જ બેંક એકાઉન્ટની વિગતો ભરવામાં આવે જેથી અન્ય પ્રશ્નો ઉપસ્થિત થાય નહિ.

આમ ઉક્ત બન્ને યોજનાઓ અંતર્ગત આપની શાળાની નિયમોનુસાર ઓનલાઇન પ્રપોઝલ બનાવી ઓનલાઇન સેન્ડ કરવા જણાવવામાં આવે છે. વધુમાં અગાઉના અત્રેની કચેરીના તા:૨૧/૦૭/૨૦૨૨ના પત્રથી શિષ્યવૃત્તિની કામગીરી માટે જે અન્ય સૂચનાઓ આપવામાં આવેલ હતી તે ધ્યાને લઇ ઉક્ત બન્ને યોજનાની કામગીરી કરવાની રહેશે.

અગાઉના વર્ષોમાં (વર્ષ:૨૦૨૦-૨૧સુધી) ભારત સરકારશ્રીની ઉક્ત બન્ને યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓના ફોર્મ ભરાવી આનુષાંગિક ડોક્યુમેન્ટસ સહિતનું ફોર્મ આચાર્યશ્રી કક્ષાએ રાખી શિષ્યવૃત્તિ યોજનાની ઓનલાઇન અમલવારી કરવામાં આવતી હતી પરંતુ વર્ષ:૨૦૨૧-૨૨થી ભારત સરકારશ્રીની ઉક્ત બન્ને પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત જરૂરી આનુષાંગિક પુરાવા અપલોડ કરવામાં આવે છે તે જ રીતે વર્ષ:૨૦૨૨-૨૩માં પણ કામગીરી કરવાની રહેશે. જેમ કે "BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation" યોજનામાં વાલીના વ્યવસાય બાબતનું પ્રમાણપત્ર તેમજ દિવ્યાંગના કિસ્સામાં દિવ્યાગનું પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે. જ્યારે "BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI) (Std: 9-10)" યોજનામાં જાતિનો દાખલો/જાતિ પુરવાર કરતો કોઇ આધાર, આવકનો દાખલો, દિવ્યાંગના કિસ્સામાં દિવ્યાગનું પ્રમાણપત્ર આચાર્યશ્રીએ અપલોડ કરવાનું રહેશે.

આમ ઉક્ત વિગતો ધ્યાને લઇ અત્રેના ખાતાની કેંદ્ર સરકારશ્રીની ઉક્ત બન્ને શિષ્યવૃત્તિ યોજનાઓની પ્રપોઝલ બનવાની શરૂ થઇ ગયેલ હોય તાત્કાલિક પ્રપોઝલ બનાવી મોકલી આપવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
સુરત

બિડાણ:

૧. અત્રેના ખાતાની ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત અને શરતો બાબતનુ પત્રક (પત્રક-અ)

નકલ સવિનય રવાના:

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાના:

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ પરિપત્ર વેબસાઇટ પર મુકવા તથા તમામ શાળાઓ તરફ કાર્યવાહી કરાવવા સારૂ.

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(જિ.પં), સુરત તરફ પરિપત્ર વેબસાઇટ પર મુકવા તથા તમામ શાળાઓ તરફ કાર્યવાહી કરાવવા સારૂ.

(૩) શાસનાધિકારીશ્રી, સુરત તરફ પરિપત્ર વેબસાઇટ પર મુકવા તથા તમામ શાળાઓ તરફ કાર્યવાહી કરાવવા સારૂ.

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર / સહાય (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| વર્ષ: ૨૦૨૨-૨૩માં Digital Gujarat Portal મારફત Online કરવાની થતી પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓની વિગત (પત્રક-અ) | | | | | | | |
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય | | | | | | | |
| નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર | | | | | | | |
| ૧ | BCK-2/71 PreMatric Scholarship For SC (Std: 1 to 8) & (Std: 9 to 10) | SC (અનુસૂચિત જાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ/ આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| | | | ધો. ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| ૨ | BCK-17 Scholarship for Most Backword Class Among SC Students (Std: 1 to 8) & BCK-17A : (Std: 9 to 10) | SC (માત્ર અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ. ૧૦૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| | | | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૫૦૦/- | | |
| ૩ | BCK-16 Uniform Assistance to SC Students (Std: 1 to 8) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૪ | BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation (Std: 1 to 8) & (Std: 9 to 10) | સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકો | ધો ૧ થી ૧૦ | કુમાર/કન્યા | (ધો:3 થી ૧૦) હોસ્ટેલરને રૂ.૮૦૦૦/- (ધો: ૧ થી ૧૦) ડેસ્કોલરને રૂ.૩૫૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળા |
| ૫ | BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI) (Std: 9-10) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો-૯ થી ૧૦ | કુમાર/કન્યા | હોસ્ટેલરને રૂ.૭૦૦૦/- ડેસ્કોલરને રૂ.૩૫૦૦/- | આવક મર્યાદા રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૬ | BCK-6 Free Cycle Scheme for Scheduled Caste Girls Students studying in Std:9 (Saraswati Sadhana Yojana) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો: ૯ | માત્ર કન્યા | મફત સાયકલ સહાય | શહેર- ૧.૫૦ લાખ ગ્રામ્ય-૧.૨૦ લાખ | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત માધ્યમિક શાળાઓ |

નોંધ: ક્રમનં: ૪ તથા ૫ મુજબની યોજના અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩થી કુલ શિષ્યવૃત્તિની ૪૦% રકમ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે જ્યારે બાકીની ૬૦% રકમ કેંદ્ર સરકારશ્રી દ્વારા ડાયરેક્ટ વિદ્યાર્થીઓના ખાતામાં ચુકવવામાં આવશે. સદરહું શિષ્યવૃત્તિ હવે આધારબેઝ ચુકવવામાં આવશે એટલે કે વિદ્યાર્થીના આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હશે તેમા શિષ્યવૃત્તિ જમા થશે. જેથી તમામ આચાર્યશ્રીઓએ વિદ્યાર્થીઓના બેંક ખાતા આધારનંબર સાથે લીંક થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.